# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
## જલસેવા ભવન, છ-રોડ, સેક્ટર : ૧૦-એ,
## ગાંધીનગર

**વિષય :** યોજના પૂર્ણ થયા બાદ તેને ચલાવવાની તેમજ તેનાં સંચાલનની કામગીરી બાબત...

પરિપત્ર ક્રમાંક : પીએ/એમએસ/ ૬૪ /૨૦૦૬, તા. ૨૨.૦૩.૨૦૦૬

**પ રિ પ ત્ર :**

મુખ્ય ઈજનેરશ્રીઓ તરફથી તાજેતરમાં રજુ કરવામાં આવેલાં ડીસ્ટ્રીબ્યુશન ગ્રૂપનાં ટર્ન-કીનાં ટેન્ડરોમાં યોજનાને લગતાં બાંધકામની બાબતોની જોગવાઈઓ રાખવામાં આવી હોય છે, પરંતુ યોજના પૂર્ણ થયા બાદ તેને સુચારૂ સ્વરૂપે બેથી ત્રણ વર્ષ માટે ચલાવવાની તેમજ તેનું સંચાલન કરવા માટેની કોઈ જોગવાઈઓ ટેન્ડરમાં રાખવામાં આવતી નથી. યોજનાનાં બાંધકામની સાથોસાથ જો મરામત અને નિભાવણીની પણ બેથી ત્રણ વર્ષની જવાબદારીઓ સોંપવામાં આવે તો યોજનાનું કામ વધુ ભરોષાપાત્ર રીતે થઈ શકે તેમજ તે પૂર્ણ થયા બાદ તેને નિર્ધારીત સમયગાળા સુધી સારી રીતે ચલાવી પણ શકાય.

આ બાબતની ચર્ચા તા. ૨૧.૦૩.૨૦૦૬ની ટેન્ડર પરચેઝ કમિટિની બેઠકમાં પણ કરવામાં આવી. સમિતિએ વિસ્તૃત ચર્ચાને અંતે સૂચના આપી હતી કે, ડીસ્ટ્રીબ્યુશન ગ્રૂપની કામગીરીઓને લગતાં ટેન્ડરોમાં કામગીરીઓ પૂર્ણ થયા બાદ ત્રણ વર્ષ સુધી તેને મરામત અને નિભાવણી કરવાની કામગીરીની જોગવાઈ રાખવી. આ બાબત સર્વે મુખ્ય ઈજનેરશ્રી અને અધિક્ષક ઈજનેરશ્રીઓનાં ધ્યાન ઉપર મુકવામાં આવે છે. આથી હવે ડીસ્ટ્રીબ્યુશન ગ્રૂપના તેમજ પમ્પીંગ મશીનરીના કામના નવા ટેન્ડરો મંગાવતી વખતે તેનાં ઓપરેશન અને મેઈન્ટેનન્સની ત્રણ વર્ષની જોગવાઈની આઈટમ ભરવાની રહેશે. આ પ્રકારની પ્રક્રિયાનો અમલ કરવાથી વર્તમાન સ્ટાફનું ક્યાં અને કેવી રીતે આયોજન કરવું જેથી હયાત સ્ટાફની કામગીરી ઉપરાંત અન્ય જગ્યાએ ઉપયોગ કરી શકાય. તે બાબત ઝોન કક્ષાએથી સુનિશ્ચિત કરવી. સૂચનાનો તાકીદની અસરથી અમલ કરવો.

(પી. જી. ગદાણી)
સભ્ય સચિવ

મુખ્ય ઈજનેર ઝોન-૨, અમદાવાદ.

નકલ રવાના પ્રતિ :

- મુખ્ય ઈજનેરશ્રી (તમામ)
- અધિક્ષક ઈજનેરશ્રી (તમામ)

નકલ સવિનય રવાના પ્રતિ :

માન. અધ્યક્ષશ્રી, ગુ.પા.પુ. અને ગટર વ્ય. બોર્ડ, ગાંધીનગરના ધ્યાને રજૂ.

D:\CE ALL\PARIPATRATURNKEY.doc

P.T.O.